ગાંધીનગર સમાચાર

સેક્ટરોના ૧૩૪ ઘરોમાંથી એડીસના પોરા મળ્યા

# શહેરમાં સતત બીજા દિવસે મેઘ મહેર

## છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં સવા બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો : ઠેર ઠેર પાણી ભરાતા સમસ્યા





ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં સતત બીજા દિવસે મેઘમહેર યથાવત રહી હતી. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સવા બે ઈંચ જેટલો વરસાદ નોંધાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

મોડે મોડે બેઠેલુ ચોમાસુ મન મુકીને વરસી રહ્યું છે. છેલ્લા બે દિવસ સતત થઈ રહેલી મેઘમહેરને પરિણામે નગરજનો આનંદિત થઈ ઉઠ્યા છે. વરસાદમાં ભીંજાઈને નવ પલ્લવીત થઈ ગયેલા વૃક્ષો શહેરને એક નવી જ આભા બક્ષી રહ્યા છે. ગઈકાલે આખો દિવસ ધીમીધારે વરસેલા વરસાદે આજે ગતિ પકડી હતી. ગઈકાલે સાંજે પણ સારો એવો વરસાદ પડ્યો હતો. આખી રાત ધીમીધારે વરસાદ વરસ્યો હતો. સવારે થોડીકવાર માટે વરસાદ બંધ રહ્યા બાદ સવારે અગિયાર વાગ્યાથી પુનઃ વરસાદ વરસવો શરૂ થયો હતો. આજે વરસેલા વરસાદની ગતિ વધુ રહી હતી. જેના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારો, કોમન પ્લોટ, ચ-૫, ઘ-૫ જેવા સર્કલોની આસપાસ પાણી ભરાયા હતા. પાણી ભરાતા નગરજનોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. બપોર બાદ વરસાદે વિરામ લેતાં પાણી ઉતર્યું હતું. સતત બે દિવસથી વરસી રહેલા વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

આજે મહત્તમ તાપમાન ૨૭.૫ ડિ.સે. નોંધાયું હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૧૦૦ ટકા અને સાંજે ૯૫ ટકા રહ્યુ હતુ. ગઈકાલે સાંજે ૫ વાગ્યાથી આજે સવારે ૮ વાગ્યા સુધી ૨૦ મી.મી. અને સવારે ૮ થી સાંજે ૫ સુધી ૩૭ મી.મી. વરસાદ નોંધાતા છેલ્લા ૨૪ કલાકનો વરસાદ ૫૭ મી.મી. રહ્યો હતો. આ સાથે મોસમનો કુલ વરસાદ ૧૯૬ મી.મી. થયો છે.

# વાવણીલાયક વરસાદને પગલે ખેડૂતોમાં ખુશી સાથે વાવણીમાં વ્યસ્ત

## બપોર પછી વરસાદે વિરામ લીધો તે પૂર્વે જિલ્લામાં હળવાથી ભારે વરસાદી ઝાપટા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં સતત બીજે દિવસે પણ વરસાદી ઝાપટા અને ત્યાર બાદ વરસાદે લીધેલા વિરામ પછી ખેડૂતો વાવણીના કાર્યમાં વ્યસ્ત બની ગયા છે.

જિલ્લામાં આજે બીજે દિવસે પણ સરેરાશ બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. કલોલ અને ગાંધીનગરમાં આજે દિવસ દરમ્યાન સારો વરસાદ નોંધાયો છે. જો કે દહેગામ અને માણસામાં પણ અર્ધા ઈંચ જેટલો વરસાદ સાંજે ૬ વાગ્યા સુધી નોંધાયો હતો.

બપોર બાદ વરસાદે વિરામ લીધો હતો. જો કે વાદળછાયુ વાતાવરણ દિવસ દરમ્યાન રહ્યુ હતુ. ગઈકાલે મોડી રાત સુધી ચાલેલા વરસાદ પછી વહેલી સવારે તેને વિરામ લીધો હતો પરંતુ ૧૦ થી ૧૨ વાગ્યા સુધીમાં હળવાથી ભારે ઝાપટા સમગ્ર જિલ્લામાં નોંધાયા હતા.

જિલ્લામાં ચોમાસાની સિઝનનો ૧૭ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ દહેગામ આ પછી માણસા અને ગાંધીનગરમાં નોંધાયો છે. આ ત્રણેય તાલુકામાં વાવણીલાયક વરસાદ થઈ ચુક્યો છે.

કલોલમાં પણ ૧૧૪ મિ.મિ. જેટલો વરસાદ આજ સુધીમાં નોંધાયો છે. સમગ્ર જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને પગલે વાવણીના કામમાં ખેડૂતો વ્યસ્ત બની ગયા છે. તેમાં પણ ધીમીધારના વરસાદ પછી આજે થયેલા ઝાપટાં ને ત્યાર બાદ લીધેલા વિરામને પગલે ખેડૂતોમાં સૌથી વધુ ખુશી છવાયેલી જોવા મળી રહી છે.

બીજી તરફ હવામાન ખાતાએ તા. ૧૪મીના રોજ પણ રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

# સેક્ટરોના ૧૩૪ ઘરોમાંથી એડીસના પોરા મળ્યા

## મેલેરીયા વિરોધી ટીમે ગાંધીનગર ડેપો, વિટકોસ વર્કશોપ સહિત વિવિધ સ્થળોએ ત્રાટકી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સે. ૨, ૯, ૧૦, ૧૪, ૨૦, ૨૪ અને ૨૮ના ૫૨૦૦ જેટલા ઘરોની આજે શહેરી મેલેરિયા તંત્રની ટીમે કરેલી તપાસ દરમ્યાન ૧૩૪ જેટલા ઘરોમાંથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરના પોરા મળી આવતાં તંત્રએ તાબડતોબ એન્ટી લારવેલની કામગીરી કરી હતી.

શહેરી મેલેરિયા તંત્રની ટીમે આજે એસ.ટી. ડેપો, વિટકોસનું વર્કશોપ તેમજ પંચર અને ટાયરોની દુકાનો પર સપાટો બોલાવી બિન ઉપયોગી ટાયરોનો જે ખડકલો કરાયેલો હતો તે બધા જ મળી નવસોથી વધુ ટાયરોને દૂર કરાવ્યા હતા. તંત્રની ટીમે જુના સચિવાલય, નવા સચિવાલય સંકુલમાં પણ પક્ષીઓ માટે રખાયેલા ૨ હજારથી વધુ પક્ષીકુંજ પણ દૂર કરાવી કામગીરીને સઘન બનાવી છે. પક્ષીકુંજ એ આ મચ્છરોની ઉત્પત્તિ માટેનું આદર્શ સ્થાન હોવાનું તંત્ર માની રહ્યું છે. ગાંધીનગર શહેરમાં મેલેરિયા તંત્રની ટીમે પ્રિ-મોન્સુન એક્ટીવીટીમાં ૨૦૦થી વધુ સ્થાનો પરથી ડેન્ગ્યુના મચ્છરોના પોરા શોધી તેનો નાશ કર્યો હતો.

આજે વધુ ૧૩૪ જેટલા ઘરોમાંથી આ પોરા મળી આવતાં તેનો નાશ કર્યો છે. શહેરમાંથી જે રીતે ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળી રહ્યા છે તેને લઈ તંત્ર ચોંકી ઉઠ્યુ છે અને હજુ વધુ સઘન કામગીરી માટે કમર કસી છે.

# શહેરમાં નમેલા ભયજનક વૃક્ષોથી નગરજનોમાં અકસ્માતની દહેશત

ગાંધીનગર તા ૧૩

શહેરમાં સતત વરસાદના લીધે ચોમેર વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે. જયારે કેટલાક ઠેકાણે વૃક્ષો પણ ધરાશાયી થયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જો કે વનતંત્ર દ્વારા મોટાભાગના સુકા વૃક્ષો ચોમાસા પુર્વે જ દુર કરી દેવાયા છે. પરંતુ હાલ પણ શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક માર્ગો પર નમી પડેલા ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ઘ-૨ થી ગ-૨ તરફ જવાના માર્ગ પર આજે એક વૃક્ષ જમીનદોસ્ત થતા માર્ગ પર આડશ ઉભી થઈ હતી. સેકટરોમાં નમી પડેલા વૃક્ષો ભયજનક હોવાનો આક્રોશ સાથે નગરજનોમાં ભય પ્રવર્તયો છે.

ગત જુલાઈ દરમિયાન શહેરમાં તોફાની વરસાદના લીધે હરિયાળીનો સોથ વળી ગયો હતો. શહેરમાં સંખ્યાબંધ વૃક્ષો ધરાશાયી થયા હતા. ચાલુ વર્ષે પણ તંત્ર દ્વારા શહેરમાં સુકાઈ ગયેલા વૃક્ષો દુર કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેના અંતે શહેરમાંથી સેંકડો સુકાયેલા વૃક્ષો કાપી નાંખવામાં આવ્યા છે. આ ઉપરાંત વન તંત્ર દ્વારા જોખમી વૃક્ષો પણ દુર કરાયા છે. જો કે હાલમાં પણ શહેરમાં નમી પડેલા વૃક્ષો ભયજનક હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. વરસાદી દિવસામાં નગરમાં નજર નાંખો ત્યાં નમી પડેલા વૃક્ષો જોવા મળી રહયા છે.શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના

● અનુસંધાન પાન-૭ પર

# સંત સરોવર સહેલાણીઓ માટે એક નવો પિકનીક સ્પોટ બનશે

## સંત સરોવરમાં આગામી દિવસોમાં પાણી ભરાશે વર્ષ ૨૦૦૬માં સંત સરોવર તુટયા બાદ ફરી કામ હાથ ધરાયુ હતુ

ગાંધીનગર તા ૧૩

સાબરમતી નદીની ઉપર સંત સરોવરનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. સરિતાઉદ્યાનની પાસે સ્થિત સંત સરોવરમાં આગામી દિવસોમાં પ્રથમ વાર પાણી ભરાતા નવો પિકનીક સ્પોટ અસ્તિત્વમાં આવશે. સંત સરોવરના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૧૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. અગાઉ વર્ષ ૨૦૦૬ દરમિયાન પુરની સ્થિતિમાં સંત સરોવર તુટતા ફરિ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ.

શહેરમાં ચોમાસા દરમિયાન હરિયાળી નિખરતા નગરનો નઝારો નિખર્યો છે. શહેરમાં પુનિતવન સ્વર્ણિમ પાર્ક ,સરિતા ઉદ્યાન



સહીતના ઠેકાણે સહેલાણીઓની ભીડ જોવા મળી રહી છે. જયારે નદી વિસ્તારમાં સંત સરોવરની યોજના તૈયાર થતા આગામી દિવસોમાં આ કૃત્રિમ સરોવરમાં પાણી ભરાશે. નગર તેમજ આસપાસના વિસ્તારોમાંથી આવતા

● અનુસંધાન પાન-૭ પર

# વાવોલ-રાંધેજા માર્ગના વાઈડનીંગના કામને મંજુરી : ૧૨ કરોડનો ખર્ચ થશે

## વાવોલ-કોલવડા-રાધેજા ૯ કી મીના માર્ગને ૭ મીટર પહોળો કરાશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર શહેરી વિસ્તારના માર્ગોના નવિનીકરણ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે જિલ્લાને જોડતા વિવિધ માર્ગોને અપગ્રેડ કરવા માટે પણ તબક્કાવાર કામોને મંજુરી આપવામાં આવે છે. વાવોલ કોલવડા રાંધેજા માર્ગના વાઈડનીંગ માટે માર્ગ મકાન દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે. આ કામગીરી પાછળ રૂ ૧૨ કરોડનો ખર્ચ થશે.

ગાંધીનગર શહેર ઉપરાંત જિલ્લાના વિવિધ માર્ગોના નવિનીકરણ માટે તબક્કાવાર કામોને

● અનુસંધાન પાન-૭ પર

# વિકાસલક્ષી કામોની મંજૂરીમાં સરળીકરણ માટે પંચાયતનો મહત્વનો સુધારો કરાયો

ગાંધીનગર, તા. ૧૩

ગ્રામ પંચાયતોને સ્પર્શતા વિકાસલક્ષી કામોને લઈ સ્વભંડોળમાંથી ખર્ચ કરવા બાબતે રાજ્ય સરકારે મંજૂર કરી અને તે સત્તા પંચાયતને સોંપવાનો મહત્વનો નિર્ણય કરેલ છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગ્રામ પંચાયતોએ અત્યાર સુધી સ્વભંડોળમાંથી ૧ લાખથી વધુ રકમના વિકાસના કામો કરવા માટે સરકારમાં દરખાસ્ત કરી મંજૂરી મેળવવી પડતી હતી. હવે સરકારે રાજ્યના પંચાયત એક્ટની કલમ-૨૪૧માં સુધારો કરી આ સત્તા ગ્રામ પંચાયતોને જ આપી દીધી છે.

પંચાયતોએ રૂ. ૧ લાખથી વધુ રકમના વિકાસ કામો માટે હવે સરકારની મંજૂરી મેળવવી નહિ પડે. કોઈપણ રકમના કામ માટે સક્ષમ અધિકારી સમક્ષ પ્લાન એસ્ટીમેન્ટ તેમજ દરખાસ્ત મંજૂર કરાવી વિકાસ કામો પંચાયત કરાવી શકશે.

સરકારના આ સુધારાથી ગ્રામ પંચાયતોના વિકાસકામોની પ્રક્રિયા ઝડપી અને સરળ બનશે તેમજ રાજ્ય કક્ષાએ પણ કામનું ભારણ ઘટશે.

રાજ્યના પંચાયત વિભાગે ૧૪મા નાણાં પંચની ગ્રાન્ટમાંથી રૂ. ૫ લાખ સુધીના વિકાસ કામો માટે હવે ગ્રામ પંચાયતોને તાલુકા વિકાસ અધિકારીઓની મંજૂરી લેવાની રહેશે નહિ. સ્થાનિક કક્ષાએ વહીવટીય પ્રક્રિયા કરી ગ્રામ પંચાયતો રૂ. ૫ લાખ સુધીના વિકાસ કામો કરી શકશે.

## ગાંધીનગર પ્રજાપતિ સમાજની ચૂંટણી અંગેની જાહેરાત

મા. ચેરીટી કમિશનરશ્રીએ જ્યુડીસીયલ પરચુરણ અરજી નં. ૬૪/૨૦૧૪માં તા. ૧૬/૬/૨૦૧૬ના રોજ કરેલા હુકમ અનુસાર ગાંધીનગર પ્રજાપતિ સમાજની ચૂંટણી કરાવવાની કરવાની આ કામગીરી અમોને સોંપી છે. તે મુજબ ગાંધીનગર પ્રજાપતિ સમાજની ચૂંટણી સંબંધે નીચે મુજબ કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | મતદાર યાદીની પ્રસિદ્ધિ | : તા. ૧૪/૭/૨૦૧૬ |
| ૨ | મતદાર યાદી સંબંધમાં સૂચનો રજૂ કરવાની છેલ્લી તારીખ | : તા. ૨૨/૭/૨૦૧૬ |
| ૩ | સુધારેલી મતદાર યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | : તા. ૨૩/૭/૨૦૧૬ |
| ૪ | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ | : તા. ૨૬/૭/૨૦૧૬ |
| ૫ | ઉમેદવારી પત્રો ચકાસણીની તારીખ | : તા. ૨૭/૭/૨૦૧૬ |
| ૬ | ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | : તા. ૨૮/૭/૨૦૧૬ |
| ૭ | ઉમેદવારોની આખરી યાદી તથા મતદાન સ્થળની જાહેરાત | : તા. ૨૮/૭/૨૦૧૬ |
| ૮ | ચૂંટણીની તારીખ | : ૩૧/૭/૨૦૧૬ (સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ સુધી) |
| ૯. | ચૂંટણીના પરિણામ પ્રસિદ્ધ કરવાની તારીખ | : તા. ૩૧/૭/૨૦૧૬ (સાંજે ૭.૦૦ કલાકે) |

નોંધ : ૧. મતદાર યાદી નીચેના સ્થળોએ જોઈ શકાશે.
(૧) પ્લોટ નં. ૫૬૫/૨, કિશાનનગર, સેક્ટર નં.૨૬, ગાંધીનગર
(૨) પ્લોટ નં. ૮૭૫/૧, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સેક્ટર નં.૨૧, ગાંધીનગર
(૩) પ્લોટ નં. ૨૭૭/૧, સેક્ટર નં. ૪/એ, ગાંધીનગર
(૪) રમેશભાઈ એમ. પ્રજાપતિ, મધુરમ ગ્રીન્સ, સરગાસણ ચોકડી, ગાંધીનગર
(૫) પ્લોટ નં. ૧૩૦૦/૨, સેક્ટર નં.૫/એ, ગાંધીનગર
૨. મતદાર યાદી સંબંધમાં સૂચનો શ્રી રમેશભાઈ એમ. પ્રજાપતિ, મધુરમ ગ્રીન્સ, સરગાસણ ચોકડી, ગાંધીનગર તે કરી શકાશે.
૩. ઉમેદવારી પત્ર મેળવવાની ભરવાની અને પરત ખેંચવાનું સ્થળ શ્રી રમેશભાઈ એમ. પ્રજાપતિ, મધુરમ ગ્રીન્સ, સરગાસણ ચોકડી, ગાંધીનગર
૪. મતદારે મતદાન વખતે ફોટાવાળુ ઓળખકાર્ડ સાથે રાખવું જરૂરી છે.

સહી/-
રમેશભાઈ એમ. પ્રજાપતિ
ચૂંટણી કમિશનર
ગાંધીનગર પ્રજાપતિ સમાજ
મધુરમ ગ્રીન્સ, સરગાસણ, ગાંધીનગર

## માસાન્તે હૃદયાંજલિ



**સ્વ. રમા પુરાણી**

(જ.તા. ૧૯/૧૨/૧૯૪૩ - નિધન : ૧૪/૬/૨૦૧૬)

### ખાલીપો

ખાલીપો ખખડે છે ખોરડે !
અહીંતહીં આસપાસ ઓરડે
ખાલીપો ખખડે છે ખોરડે !
રહેવું જો હોય તો, એમ જ કહેવાય,
કે સૂરજનું ઓચિંતું ડૂબવું !
પાર કરી મધદરિયે હંકારી નાવ -
પછી, આવીને કિનારે ડૂબવું !
માણસ તો જાય, સાથે પણ છાયો જાય !
પછી ખાલીપો ખખડે છે ખોરડે !
અહીંતહીં આસપાસ ઓરડે !
એ જ ઢોલિયો, એ જ ચાદર !
એ જ બારી ને વળી બારણાં
ઓચિંતા સમણામાં આવીને -
વલવલસે તારાં સંભારણાં !
પછી તારો અભાવ નિત સાલશે
એકલું એકાંત રે'શે ખોરડે !
અહીંતહી આસપાસ ઓરડે !
છોડ હિજરાયા કરે છે બાગનાં,
ને ફૂલ પણ ઝૂર્યા કરે છે બાગનાં !
એક ડાળ બીજી ડાળને પૂછ્યા કરે-
કેમ દેખાતો નથી, એ બાગબાઁ ?

- ભાનુપ્રસાદ પુરાણી - પરિવાર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com